R.N.I. No. : 66450/97 GAMC NO. : Guj/189 /2012-14/ Valid upto31 Dec/ 2014 -Posted at A'bad PSO - Monday

Ahmedabad Jurisdiction

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

http://jagadishchristian.com

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬ (મો).૯૮૨૫૧૬૯૩૮૬

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

email:garvinavkranti @ yahoo.com

ESTD. YEAR - 16 •ISSUE: 34 DATE: 25-08-2012 •SATURDAY• PAGES: 4•PRICE Rs.1 •YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ?
હા( )ના( )

If undelivered pl.return to
સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર
પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

## રાષ્ટ્રપતિની ચુંટણીના મુદ્દે સંગ્માની સુપ્રિમકોર્ટમા દાખલ કરેલ રીટ





રાષ્ટ્રપતિની ચુંટણીમાં એનડીએના ઉમેદવાર તરીકે શિકસ્ત પામેલા લોકસભાના પુર્વ અધ્યક્ષ પી.એ.સંગમાએ પ્રણવ મુકરજીની રાષ્ટ્રપતિની ચુંટણીને સુપ્રીમ કોર્ટમાં પડકારી છે.રાષ્ટ્રપતિની ચુંટણીમાં પ્રણવ મુકરજીએ સંગ્માને હાર આપી હતી.સુપ્રીમમાં દાખલ કરાયેલ અરજીમાં દલીલ કરવામાં આવી છે કે પ્રણવ મુકરજી ચુંટણી લડી શકતા ન હતા કારણકે તે સમયે તેઓ લાભના પદ પર હતા.

રાષ્ટ્રપતિપદની ચુંટણી માટે ફોર્મ ભરતી વેળાએ તેઓ કોલકત્તા સ્થિત ઈન્ડીયન સ્ટેટેસ્ટિકલ ઈન્સ્ટિટયુટના અધ્યક્ષપદે પર હતા.તેમજ લોકસભાના કોગ્રેસ પક્ષના નેતા પણ હતા.આમ બંને લાભના પદો પર હોવાને કારણે તેઓ ચુંટણી લડી શકે નહી.તેથી રાષ્ટ્રપતિપદની ચુંટણીને રદ કરવાનો આગ્રહ કરવામાં આવ્યો છે.અને તેમના સ્થાને તેમને નિર્વિરોધ ચુંટવામાં આવે તેવું જણાવ્યું હતું.જો કે સંગ્મા એનડીએના ઉમેદવાર હતા ત્યારે ભાજપ તેમની સાથે હતું પરંતુ હવે તેમનો સાથ આપતું નથી.

## રાજ્યસભાના ઉપાધ્યક્ષ તરીકે કુરીયનની સર્વાનુમતે પસંદગી

રાજ્યસભાના ઉપાધ્યક્ષ પદે પી.જે.કુરીયનની પસંદગી કરવામાં આવી હતી. કુરીયનની પસંદગીમાં સત્તાપક્ષ અને વિપક્ષ બંન્નેએ સહમતી દર્શાવી હતી.વડાપ્રધાનશ્રીએ કુરીયનનું નામ ઉપાધ્યક્ષ તરીકે પસંદ કર્યુ હતું.જેને વિપક્ષે પણ અનુમોદન આપતાં તેઓની પસંદગી કરવામાં આવી હતી.સંસદમાં વિરોધપક્ષ દ્વારા ભાગ્યેજ સરકારને અપાતા સહકારમાં,કુરીયનની પસંદગીમાં એકતા જોવા મળી હતી.ચેરમેન હામિદ અન્સારીએ તેમની વરણીની જાહેરાત કરી હતી.

## મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાએ કાયદાનું ઉલ્લંઘન કરી રેલી કાઢી

મનસેના પ્રમુખ રાજ ઠાકરેએ કાયદાનું ઉલ્લંઘન કરીને મુંબઈના આઝાદ મેદાનમાં રેલીનું આયોજન કર્યું હતું.ગીરગાંવ ચોપાટી થી આઝાદમેદાન સુધી રેલી યોજતાં ઠાકરેએ મુંબઈને બાનમાં લીધું હતું.તેમણે રેલીને સંબોધન કરતાં યુપી અને બિહારથી આવેલા લોકોને જવાબદાર ઠેરવ્યા હતા.

તેમના નિવેદનથી યુપી અને બિહારના લોકોમાં ગભરાટ ફેલાયો હતો.મરાઠી પ્રજાના હિત માટે કામ કરતા હોવાનો દાવો કરી શિવસેનાથી છુટા પડેલા રાજ ઠાકરેના આક્રમક વલણને કારણે કટ્ટરતાનું વલણ ઉભુ કરનારુ વાતાવરણ પેદા થઈ રહ્યું છે.

સરકારની ભુલભરેલી નીતિઓને કારણે કાયદા તોડનારાઓ અજુગતી વાતો કરીને દહેશતનો માહોલ ઉભો કરે તે વ્યાજબી નથી.આવી પરિસ્થિતિને કારણે સામાન્ય જનજીવન ખોરવાઈ જતું હોય છે.મતોના ગંદા રાજકારણથી ડહોળાતા સમયને બચાવવાની તાતી જરુરીયાત છે.



## પુર્વોત્તર રાજ્યોના નાગરિકોની સલામતીના કારણોસર હિજરત

આસામમાં બોડો સમુદાય અને ઘુસણખોર બાંગલાદેશીઓ વચ્ચેના હિંસાચારથી શરુ થયેલ પ્રકરણ શમ્યુ નથી ત્યાં આજ પ્રકરણે ઉભી કરેલી સ્થિતિને કારણે દેશના વિવિધ રાજ્યોમાંથી થયેલી પુર્વોત્તાર રાજ્યોના નાગરિકોની હિજરતે દેશમાં કેટલો બધો અરાજકતાનો માહોલ ઉભો થઈ શકે છે તે સુચવ્યું છે.જે તે રાજ્યોની અંદર સત્તાસ્થાને બેઠેલી સરકારો,પછી તે ગમે તે પક્ષની હોય,તેની સહુ પ્રથમ પ્રાથમિક ફરજ તો એના નાગરિકોની સુખાકારી અને તેના રક્ષણની છે.કર્ણાટકમાંથી શરુ થયેલ હિજરત બાદ તો દેશના અનેક રાજ્યોમાંથી આ પ્રકારની હિજરત જોવા મળી.

નોર્થઈસ્ટ ચર્ચ બોડીએ સીવીલ સોસા.અને સરકારને હિજરત કરી રહેલા પુર્વોત્તારના નાગરિકોની સલામતી અને શાંતિ માટે અસરકારક પગલાં લેવા અપીલ કરી હતી.ઈવેન્જલીકલ ફેલોશીપ ઓફ ઈન્ડીયાએ આસામમાં તાજેતરમાં થયેલ કોમી હિંસાને સોશ્યલ મીડીયા હેટ કેમ્પેન તરીકે ઓળખાવી હતી.અને તેને પરિણામે દેશના અન્ય ભાગોમાં નોકરીઓ કરતાં કે અભ્યાસ કરતા નોર્થઈસ્ટવાસીઓને હિજરત કરવી પડી રહી છે તે જણાવ્યું હતું.આસામમાં થયેલ હિસાને કારણે પાંચ લાખ લોકોને અસર પહોચી છે.કેટલાક કટ્ટરવાદી ધાર્મિક ગ્રુપો,કેટલાક રાજકીય પરિબળોએ ધિક્કારનું વાતાવરણ બનાવવામાં અગ્રેસરનો ભાગ ભજવ્યો છે.સરકારે આ બાબતે ગંભીર બનવું પડે.બે ગ્રુપો જે હિંસામાં ભોગ બન્યા છે તેમની સાથે ચર્ચાનું વાતાવરણ ઉભુ કરીને શાંતિનો માહોલ સ્થાપવા માટે સરકારે અગ્રિમ પ્રયત્નો કરવા જરુરી છે. સરકારે ૨૭૫ વેબસાઈટ અને બ્લોગ શોધી કાઢ્યા છે જેમણે વાતાવરણને કલુષિત કરવામાં અગત્યનો ભાગ ભજવ્યો છે.જેમાંની ૧૨૫ વેબસાઈટોને સરકારે બ્લોક કરી દીધી છે.ઓનલાઈન પોસ્ટ અને એસએમએસ દ્વારા ફેલાયેલા ગભરાટને કારણે આસામ, મણીપુર, મિઝોરામ વિગરે રાજ્યોના લોકોએ હિજરત કરી હતી.

**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬



સીરીયામાં ફાટી નિકળેલી હિંસા દરમીયાન એક શહેરનું દ્રશ્ય

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**

http://jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઇટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઇ શકાશે.

# ગરવી નવક્રાંતિ

મનસેની રેલી પાછળનું રાજકારણ સામાન્ય જનતાને કનડી રહ્યું છે.રેલી પાછળની ચાલ સરકારને પરખાઈ નહી અને વર્ષોથી શાંતિનો અહેસાસ કરતું મુંબઈ શહેર એક અરાજકતા તરફથી જઈ રહ્યું હોવાનો અહેસાસ થયો.ભારતમાં કાયદો હાથમાં લેનારાઓને જાણે કે ભાવતું મળી ગયું હોય તે રીતે કાયદાને ગણકાર્યા વગર વર્તન કરનારા લોકોની જમાત વધી પડી છે.લોકોના હિતો માટે કાર્ય કરતા હોવાનો ડોળ કરીને કેટલાંક સ્વાર્થી લોકો પોતાના સ્વાર્થ સાધવા કે મતોના રાજકારણે અવારનવાર સામાન્ય જનતાને બાનમાં લેતા હોય છે.લોકોના ટોળાં ભેગા કરવા માટે હવે જાહેર થઈ ચુક્યું છે કે કેટલીક એજન્સીઓ આ માટે કાર્ય કરે છે.અને તેઓ મેદની પુરી પાડી શકે છે. તેથી આવા દેખાવો ઉભા કરીને જનમત તેમની સાથે છે તે પ્રકારનો દેખાવ કરવામાંથી પાછા પડતા નથી.ટીઆરપી વધારવાની હોડમાં કેટલીક મીડીયા એજન્સીઓ પણ તેમાંથી બાકાત નથી.તેઓ પણ કાગનો વાઘ કરવામાં પાવરધા બની ગયા છે. તેમને નાણાં અને ટીઆરપી બેઉ મળે છે.

મનસેએ જો લોકોના હિતો માટે જ કાર્ય કરવાનું હોય તો એવા ઘણા બધા કાર્યો છે જે કરાવાથી કે કરાવવાથી જનતાનું હિત સચવાઈ શકે છે.રાજકારણની હાટડીઓ ઉભી કરનારાઓની જમાતમાં અનેક ટપોરીઓની જમાત પણ સામેલ છે.આ બધાને પોતાનો સ્વાર્થ સાધવામાં જ રસ છે તેમને લોકોના હિતોની જરા પણ દરકાર નથી.સામાન્ય નાગરિકોએ જાગવાનો સમય હજુ પણ છે.આવા લોકોને રાજકારણથી દુર હડસેલી દો,અને સારા લોકોને ચુંટી કાઢો.



આસામમાં તાજેતરમાં ફેલાયેલા કોમી દાવાનળનો ભોગ બનેલા લોકોએ રાહત શિબરોમાં શરણાર્થી તરીકે આશરો લીધો છે તેવી એક રાહત શિબિરની તસવીર


AGNELO FREE MARRIAGE SERVECES, INDIA

agnelofreemarriagebureau@gmail.com.

parmar_kanu2002@yahoo.co.in

http://jagadishchristian.com/

Conact No.0091 9824489344,

(R)0091-2692-260332

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

રૂબિના એપાર્ટમેન્ટ, ડૉ. લૉરેન્સ એવન્યુ પાસે,સિયોન નગર

મણિનગર પૂર્વ , અમદાવાદ - ૮

**જય ક્રિશ્ચિયન** મો.:૯૮૨૪૩૬૨૪૬૨-૯૮૨૫૩૬૯૪૨૦

**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.

શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ જહોન એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪


# સ્વાર્થ સિવાય આ જગતમાં કશું જ નથી.

માણસ કરતાં માણસનો સ્વાર્થ મોટો હોય છે.કોઈની સાથે કોઈ શા માટે જોડાય ? ઘણી વખત આપણે સાંભળીએ છીએ કે માણસ મારો છે. ખરેખર તો માણસ મારો નહી, સ્વાર્થનો હોય છે.જ્યાં સુધી તમારી સાથે એનો સ્વાર્થ હશે ત્યાં સુધી તે તમારી સાથે જોડાયેલો રહેશે.સ્વાર્થ પુરો થયો પછી હું કોણ અને તું કોણ ?ક્યારેક એવું થાય છે કે સ્વાર્થ જ માણસને જોડે છે. ક્યારે જ એવો દાખલો મળે કે,આપણી સાથે સ્વાર્થ સિવાય કોઈ જોડાયેલુ મળે છે.મારે જો કોઈ તમારો સ્વાર્થ નહોય તો હું તમોને શા માટે બોલાવું ? અથવા તમારી સાથે શા માટે સબંધ રાખુ ?કેટલાક ગણતરી કરનારા લોકો તો એવા હોય છે કે પોતાના સ્વાર્થ જેટલો જ સબંધ રાખતા હોય છે.આપણી સંસ્કૃતિમાં વહેચીને ખાવાની ભાવના રહેલી છે.ઋવેદમાં કહ્યું છે કે જે એકલો ખાય છે એ માત્ર પાપને જ ગ્રહણ કરે છે.માણસે પોતાની જાતે ઊંચે ઉઠવાનું છે. જે આપણને જ્ઞાન કે ધન આપી શકતો નથી એને આપણી વચ્ચે રહેવાનો અધિકાર નથી.ઋવેદમાં આવે છે કે ક્યારેક આપણો એકદમ નજીકનો મિત્ર પોતાના સ્વાર્થ ખાતર દુશ્મન બની જતો હોય છે.જેના સબંધો માત્ર સ્વાર્થ પુરતા જ છે એ સબંધો કાયમી હોતા નથી.વેદવ્યાસે મહાભારતના શાંતિપર્વમાં કહ્યું છે કે ક્યારે ક્યારેક સમયના ચક્રમાં મિત્ર શત્રુ બની જાય છે અને શત્રુ પણ મિત્ર બની જાય છે.કારણકે સ્વાર્થ બળવાન છે.જે છે એ સ્વાર્થ છે. સ્વાર્થ જ શક્તિશાળી બની રહે છે.ઉપર નોધ્યું એ પ્રમાણે મારે જો કોઈ સ્વાર્થ ન હોય તો હું તમને શા માટે બોલાવું ?અશ્વઘોષે સૌદરનન્દમાં એજ વાત કરી છે કે સ્વજન શત્રુ બની જાય છે અને પારકા પોતાના બની જાય છે એવું દેખાય છે.કાર્યવશ જ લોકો સ્નેહ પણ કરે છે અને તોડે પણ છે.સ્વાર્થ માટે માણસ સબંધ તોડતાં એક ક્ષણનો પણ વિચાર કરતો નથી.આજના સમયમાં તો એક હાથે આપો અને બીજા હાથે લો, એવી રીતરસમ બની ગઈ છે.

સ્વાર્થ એટલે પોતાની મતલબ,પોતાનું હિત, એવો અર્થ થાય છે.એક સુભાષિતમાં કહેવાયું છે કે ઉત્તમ સેવા છે.સ્વાર્થ ત્યજીને સેવા કરવી મધ્યમ સેવા છે. સ્વાર્થ સહિત સેવા કરવી એ કનિષ્ઠ સેવા છે કે જેમાં સેવાને નામે સ્વાર્થ સધાય છે.જે માત્ર પોતાનો સ્વાર્થ જુએ છે એ તકસાધુ છે.આપણે જાણીએ છીએ કે કેટલાક માલિકે પોતાના આશ્રિતો પ્રત્યે આદરભાવ રાખે છે.પણ એમનો એ ભાવ કાયમી હોતો નથી.દરેકને પોતાનો સ્વાર્થ હોય છે.બધા જ પોતાનું જ કલ્યાણ ઈચ્છે છે.બીજાનું જે થવાનુ હોય તે થાય, પોતાનું થવું જ જોઈએ.ગુજરાતીમાં કહેવત છે કે ભુવો ધુણતો હોય તો નાળિયેર તો ઘર તરફ જ નાખતાં હોય છે.બીજી પણ એક કહેવત છે, ઢીંચણ તો પેટ તરફ જ વળે છે.સ્વાર્થ જ માણસને પકડી રાખે છે. બધા જ લોકો પોતાના સ્વાર્થનું જ કામ કરતાં હોય છે.સ્વાર્થ સિવાય આ જગતમાં કશું જ નથી.સ્વજનો પણ સ્વાર્થના સગા હોય છે.એવા પણ દાખલા મળે છે કે પુત્ર પિતાને ખતમ કરી નાંખે છે.ભાઈ-ભાઈ વચ્ચેના સબંધો તો હવે રહ્યા જ નથી. સ્વાર્થ શું નથી કરતો ?બધા જ સ્વાર્થ સાધવા ચાહે છે.આપણે જાણીએ છીએ કે કેટલાક લોકો પોતાના સ્વાર્થ ખાતર પોતાનું સ્વાભિમાન વેચતાં અચકાંતા નથી. જેની સાથે આપણો કોઈ સબંધ ન હોય, કોઈ જ પરિચય પણ ન હોય, એવા લોકો પોતાનો સ્વાર્થ હોય તો, ક્યાંયથીયને ક્યાંથી તાર જોડીને આપણી પાસે આવી જતાં હોય છે.આ સંસારમાં અનઆત્મીય લોકો પણ ધનિકોના આત્મીય બની જતા હોય છે.પરંતુ ગરીબ માણસને પોતાના કુટુંબી પણ સદાય દુર્જન જેવો વ્યવહાર રાખે છે.સ્વાર્થની ધરી ઉપર પૃથ્વી ફરે છે.સ્વાર્થનો વ્યાપ તો આકાશ કરતાં વિશાળ અને પાતાળ કરતાં પણ વધારે ઉંડો છે.આજે તો સ્વાર્થ જ સૌનો આધારસ્તંભ છે.આ આખુ જગત સ્વાર્થી છે.કોઈ કોઈનું પ્રિય નથી.સહોદર ભાઈની મિત્રતા અને પતિ-પત્નિની મિત્રતા પણ સ્વાર્થવશ છે.એનો અર્થ એ થાય છે કે સ્વાર્થ સવર્ત્ર છે. સ્વાર્થ નથી તો કશું જ નથી.

ચાણક્યનીતિ માં કહ્યું છે કે પક્ષી ફળ વિનાના વૃક્ષનો ત્યાગ કરે છે.સારસ વગેરે જળ -પક્ષી સુકાયેલા તળાવનો ત્યાગ કરે છે.પત્નીઓ નિર્ધન પતિનો ત્યાગ કરે છે.મંત્રી ભ્રષ્ટ રાજાનો ત્યાગ કરે છે.ભમરા જુના ફુલોનો ત્યાગ કરે છે.અને મૃગલા જે જંગલમાં આગ લાગી હોય તેનો ત્યાગ કરે છે.બધા જ લોકો પોતાના મતલબને ચાહે છે.અહી કોણ કોનો પ્રેમી છે ? આ એક સનાતન સત્ય છે જેની પાસેથી કશું જ મળવાની અપેક્ષા ન હોય, એની સાથે રહેવાનો કોઈ અર્થ ખરો ? બધા જ જીવો મતલબી છે.આપણે કહીએ છીએ કે જ્યાં ગોળનું દડબું હોય તો મંકોડા આવે જ. જ્યાં જેનો સ્વાર્થ સંધાતો હોય ત્યાં એ પહેલો જાય.આપણે આજના રાજકારણીઓને ધિક્કારીએ છીએ, પણ એય પોતાનો સ્વાર્થ કોની સાથે રહેવામાં છે એ સારી રીતે જાણતા હોય છે.માણસ સ્વાર્થ માટે અંધ બની જાય છે અને ન કલ્પેલા પગલાં ભરે છે.સ્વાર્થની લીટી બહુ લાંબી છે,એમાંથી ભાગ્યેજ કોઈ બાકાત હશે.સ્વાર્થ પરમાર્થથી દુર રહેતો હોય છે.જે માણસ પોતાની મુરાદ પુરી ન થઈ હોય તે બીજાઓને ધોખામાં નાખે છે.માણસ પોતાનો નાનો સ્વાર્થ ત્યારેજ છોડે છે જ્યારે એની સામે મોટો સ્વાર્થ કોઈ રાખે છે. અને એ જાણીને એએની તરફ જતો હોય છે.માણસનો સ્વભાવ છે કે કંઈક વધારે મળે તો તરતજ બીજાના તરફ સરકી જાય છે.માણસ પોતાના સ્વાર્થમાં એટલો બધો ગળાડુબ બની જતો હોય છે કે એ આજુબાજુ જોઈ શકતો નથી.માણસ સ્વાર્થમાં જ્યારે બોબાકળો બની જાય છે ત્યારે બીજાનો કશો જ વિચાર કરી શકતો નથી.સ્વાર્થના ચશ્માથી એ બીજું કશું જ જોઈ શકતો નથી.રોશએ કહ્યં છે કે સમુદ્રમાં નદીઓ ખોવાઈ જાય છે એવી રીતે સ્વાર્થમાં સારાપણું ખોવાઈ જાય છે.

હેનરી વી ડાયકને કહ્યું છે કે સ્વાર્થ જ આત્માને કેદ કરવા માટે કારગત નીવડે છે.સ્વાર્થમાં માણસ પોતાના આત્માના અવાજને ખોઈ બેસે છે.જે સ્વાર્થી છે એને માન કે અપમાનનો પ્રશ્ન ઉભો થતો નથી.સ્વાર્થ માણસને આંધળો બનાવી દે છે.ઘણા લોકો પોતાના સ્વમાનના ભોગે કસું જ કરવા માટે તૈયાર હોતા નથી.સ્વમાન હણીને સોનાની લંકા મળતી હોય તે પણ હુકરાવી દેતા હોય છે.

ડો.કિશોરસિંહ સોલંકી (સૌ.સંદેશ)


સમાચાર સંપાદન

શ્રી સંજય પોલ ચૌહાણ


## જાણવા જેવું !

શિગડાવાળા ઘુવડ અને શિગડાવાળી ગરોળીઓ હોય છે.

અજગરના ઇંડા ટેનીસ બોલ જેવા હોય છે.

ઈજીપ્તમાં પાળેલી બિલાડી મરી જતાં તેના શોકમાં તેનો માલિક પોતાની આંખની પાંપણો કાપી નાંખે છે.

સૌથી નાની જેલી ફિશ અંગુઠા જેટલું કદ ધરાવે છે.અને સૌથી વિશાળ જેલીફિશનું કદ વોશીંગ મશીન જેટલુ હોય છે.

દુનિયામાં લાંબામાં લાબું અળસીયું ઓસ્ટ્રેલીયામાં બાર ફુટનું છે.આ અળસીયું દેખાવે એટલું જાડું છે કે બગીચામાં પાણી ભરવા માટેની હોમ પાઈપ જેવું લાગે છે.

ચામાચીડીયાનું સૌથી મોટું શિલ્પ ઈજીપ્તના ગીઝાના પિરામીડ નજીક આવેલું છે.

કુતરાની જ એક જાતિ લાબ્રાડોરનો ૧૯મી સદીમાં શિકાર કરવા માટે ઉપયોગ કરવામાં આવતો હતો.

પેગ્વીન એ એકમાત્ર એવું પક્ષી છે જે પાણીમાં તરી શકે છે પણ ઉડી શકતું નથી.

બિલાડી દિવસમાં ૧૬થી ૧૮ કલાક ઉંઘે છે.

બિલાડીના કાન અલ્ટ્રાસાઉન્ડ સાંભળી શકવાની શક્યતા ધરાવે છે.

ઘુવડના સમુહને પાર્લિયામેન્ટ તરીકે ઓળખવામાં આવે છ

# જાણીતા ઇવેન્જલીકલીસ્ટ ડો.પી.પી.જોબનું અવસાન



આંતરરાષ્ટ્રીય સ્તરે જાણીતા ઇવેન્જલીકલીસ્ટ ઉપદેશક ડો.પી.પી.જોબનું હૃદયરોગના હુમલાથી તા.૧૯ ઓગષ્ટે અવસાન થયું હતું.તેઓ ૬૭ વર્ષના હતા.તેમના અવસાન અંગે જોબ વેબસાઇટે જાણકારી આપી હતી. તેઓ હંગેરી ખાતે ટીસઝાન્ગફાલુ ખાતે એક ચર્ચમાં ઉપદેશ આપવા માટે મુસાફરી કરી રહ્યા હતા ત્યારે તેમને હૃદયરોગનો હુમલો આવ્યો હતો.તેઓ ૧૯૬૩થી ઇવેન્જલીકલીસ્ટ તરીકે કાર્ય કરતા હતા.અને ખાસ કરીને જે ચર્ચોની કોમ્યુનીસ્ટ અને મુસ્લીમ દેશોમાં સતાવણી કરાઇ રહી હોય ત્યાં તેઓ જતા હતા.તેઓ ઇન્ટરનેશનલ ક્રિશ્ચિયન એસો.ના પ્રમુખ હતા.તેમણે સંસ્થામાં ૩૩ વર્ષની કામગીરી કરી હતી.

જુન ૧૯૯૯માં તેમની પર કરાયેલ હિંસક હુમલો નાકામયાબ નિવડ્યો. પરંતુ કટ્ટરવાદી હિંદુઓએ તેમના ૨૧ વર્ષના દિકરાને મારી નાંખ્યો.જે મેડીકલ કોલેજમાં ડોકટરનું ભણતો હતો.તેમના આ દિકરાની દફનવીધિ નિમિત્તે તેમણે કહ્યું હતું કે મારો જમણો હાથ કાપી નાંખવામાં આવ્યો છે પરંતુ હું ડાબા હાથે ઇશ્વરનું કાર્ય કરીશ.

૨૦૦૦ના વર્ષમાં તેમણે તેમના દીકરાના નામ પરથી મીશેન જોબ સેન્ટરની સ્થાપના કરી જેમાં ત્યજાયેલ દીકરીઓ અને દુઃખિત અને સતાવણી પામેલા ખ્રિસ્તીઓને આશ્રય આપવામાં આવે છે. હાલમાં આ સેન્ટરમાં ભારતભરમાંથી ૫૦૦ છોકરીઓને આશ્રય આપવામાં આવ્યો છે.

ક્રિશ્ચિયન કોલમીસ્ટ એમપીકે કુટ્ટીએ જણાવ્યું હતું કે તે ઇશ્વરનો સાચો સૈનિક હતા.તેમણે પોતાના સ્વાસ્થની ચિંતા કર્યા વગર સતત કાર્ય કરે રાખ્યુ હતું. હું તેમને તેમના શરુઆતના દિવસોથી ઓળખું છું.મને તેમના અવસાનના સમાચાર મળ્યા અને મને ભારે દુઃખ લાગ્યું.૧૯૬૮માં જ્યારે હું દિલ્હીમાં સ્થાઇ થયો ત્યારથી તેમને મે ઇશ્વરની વાડીમાં ના એક મજુર તરીકે કાર્ય કરતા જોયા છે.તેઓ ઇશ્વરનું એક અદભુત સર્જન હતા.જયારે ઇસુ ખ્રિસ્તના અનુયાયીઓ સતત સતાવણી ભોગવી રહ્યા છે ત્યારે આ મોર્ડન યુગમાં તેઓ તેના હીરો હતા.



ફીલીપાઇન્સમાં ભારે પુરથી ચોમેર તારાજી


## જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોંચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

## કેર કોમ્પ્યુટર સેન્ટર

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઇંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ :-** ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઇવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ :** ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઇસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧


# લડાખમાં ઉભું થનારું વિશ્વનું સૌથી વિશાળ સૌર દૂરબીન

ભારતનાં સૌથી ઠંડાગાર રણ એવા લડાખમાં ટૂંક સમયમાં સમગ્ર વિશ્વનું સૌથી વિશાળ અને સૌથી અદ્યતન એવું સૌર ઉર્જા સંચાલિત સૌર દૂરબીન ઉભું થશે. આ સૌર દૂરબીન - સોલાર ટેલિસ્કોપ ભારત અને ચીન વચ્ચેના સીમા પ્રદેશમાં વાસ્તવિક નિયંત્રણ રેખાની નજીક ખૂબ જ ઉંચાણવાળા સ્થળે પોંગોંગત્સો લેક મેરાક ખાતે ઉભું કરવાની તૈયારીઓ શરૂ થઈ ચૂકી છે. હાલની ઘડીએ વિશ્વમાં સૌથી મોટું સૌર દૂરબીન છેક અમેરિકામાં એરિઝોનામાં કિટ્ટ પીક રાષ્ટ્રીય વેધશાળામાં કાર્યરત છે, જે ૧.૬ મીટર લાંબુ છે અને 'મેક-મેથ પીયર્સ સોલાર ટેલિસ્કોપ' તરીકે વિખ્યાત છે. લડાખ ખાતે ઉભું થનારું ભારતનું સૌર દૂરબીન આગામી આઠેક વર્ષ સુધી વિશ્વનું સૌથી વિશાળ સૌર દૂરબીન બની રહેશે, કારણ કે એનાથી પણ વધુ વિશાળ સૌર દૂરબીન ૨૦૨૦-૨૧ સુધીમાં અમેરિકામાં ગોઠવાશે એવી ધારણા છે. પ્લાઝમાને નિયંત્રીત કરતી ઘણી બધી મેગ્નેટો - હાયડ્રો - ડાયનેમિક પ્રક્રિયાઓના અભ્યાસ અને ચકાસણી માટે લડાખ ખાતે ઉભું થનારું સૌર દૂરબીન ખૂબ જ સહાયક બનશે. સૂર્યદેવની ઘણી બધી અજોડ લાક્ષણિકતાઓનો પણ આ દૂરબીનથી તાગ મેળવી શકાશે.

લડાખમાં ઉભું થનારું સૌર દૂરબીન ''ગ્રેગોરીઅન મલ્ટી પરપઝ ઓપન ટેલિસ્કોપ' હશે. એની મદદથી રાતના સમયે 'સ્પેક્ટ્રોગ્રાફ' (એક ખાસ પ્રકારનો 'સ્પેક્ટ્રમ'નાં દ્રશ્યો લેવા માટેનો કેમેરા, જેમાં ગૌણ અરીસામાંથી પ્રતિબિંબિત પ્રકાશ મુખ્ય અરીસામાં રહેલા કાણામાંથી પસાર થાય છે.)નો ઉપયોગ કરી તારા મંડળનું પણ અભ્યાસપૂર્ણ નિરીક્ષણ કરી શકાશે. આ દૂરબીન દ્વારા સૂર્યની આસપાસના ૫૦ કિલોમીટર વિસ્તારમાં ફેલાયેલજી રજકણોનો અભ્યાસ થઈ શકશે. આશરે ૦.૧ આર્કસેકનાં કદનાં રજકણોની લાક્ષણિકતા જાણી શકાશે. આ અત્યંત શક્તિશાળી દૂરબીનમાંના 'હાઈ રીઝોલ્યુશન પોલેરીમેટ્રિક પેકેજ દ્વારા ૦.૦૧ ટકાની એક્યુરસી સાથે પોલેરાઈઝેશન માપી શકાશે.

આ દૂરબીન ઉપર બે મીટરનું રીફ્લેક્ટર ફીટ કરાશે જે વૈજ્ઞાનિકોને પૃથ્વી ઉપરની ઘણી બધી મૂળભૂત ભૌગોલિક - વાતાવરણીય પ્રક્રિયાઓ સમજવા માટે ઝીણવટભર્યું સંશોધન હાથ ધરવામાં મદદરૂપ બનશે. આની ડીઝાઈન સ્પેનમાં ટેનેરાઈફ ટાપુ ખાતે કાર્યરત ૧.૫ મીટરના દૂરબીનની ડીઝાઈન તૈયાર કરનાર એક પ્રતિષ્ઠિત આંતરરાષ્ટ્રીય કંપની જ તૈયાર કરશે. દૂરબીનમાંના તમામ ઉપકર્ણો ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ એસ્ટ્રોફિઝિક્સ (તારાની ભૌતિક - રાસાયણિક સ્થિતિનો અભ્યાસ કરતી સંસ્થા) દ્વારા તૈયાર કરવામાં આવી રહ્યાં છે અને એનું સંચાલન બેંગ્લોર ખાતે ઉભા થનારા 'માસ્ટર કન્ટ્રોલ' દ્વારા થશે. દૂરબીન અને માસ્ટર કન્ટ્રોલ વચ્ચે ઉપગ્રહ દ્વારા જોડાણ સ્થાપિત કરાશે, જેની જવાબદારી ભારતીય અવકાશ સંશોધન સંગઠન - ઈસરોને સોંપાઈ છે. દૂરબીન દ્વારા રાત્રીના સમયે તારા મંડળનાં નિરીક્ષણ વગેરે માટેનાં ઉપકર્ણો જર્મનીની હેમ્બર્ગ યુનિવર્સિટીના સહયોગથી વિકસાવવામાં આવશે.

વૈજ્ઞાનિકો આ દૂરબીનની મદદથી સૂર્યનાં અત્યંત સૂક્ષ્મ માળખાંનો તેમજ પૃથ્વીના હવામાન અને પર્યાવરણમાંના લાંબાગાળાના ફેરફારોનો ઝીણવટભર્યો અભ્યાસ કરશે. આ અભ્યાસ, સૂર્યમાંથી ફૂંકાતા પવનો (સોલાર વિન્ડઝ)ને કારણે સંદેશાવ્યવહાર નેટવર્ક અને ઉપગ્રહ સેવામાં જે વિક્ષેપો પડે છે એને નિવારવા કે પછી બને એટલા ઘટાડવા માટે સંશોધન કરવા જરૂરી ડેટા પૂરો પાડશે. સૂર્યની ચુંબકીય ઘટનાઓ (સોલાર મેગ્નેટિઝમ)નાં મૂળભૂત રહસ્યનો પણ અભ્યાસ હાથ ધરવામાં આવશે. સૂર્ય ઉપર આકાર લેતાં ચુંબકીય ક્ષેત્રો વિશે ગહન સંશોધન થશે. અવકાશમાંના હવામાનને નિયંત્રીત અને નિશ્ચિત કરનારાં અત્યંત મહત્વનાં પરિબળો, જેવાંકે, સોલાર ડાયનેમો, સોલાર સાયકલ અને સોલાર વેરીએબિલીટીનાં વિવિધ પાસાંના કારણો, પરિણામ, પ્રભાવ વગેરે વિશેનાં અભ્યાસ અને સંશોધનમાં આ શક્તિશાળી દૂરબીન અત્યંત મહત્વનું બની રહેશે. વ્યાપક ધોરણે વિવિધ પ્રકારના વૈજ્ઞાનિક અભ્યાસ, સંશોધનો, પ્રયોગો અને નિરીક્ષણ માટે સૌર દૂરબીનને અત્યંત અદ્યતન ઉપકર્ણોથી સુસજ્જ કરવામાં આવશે.

ભારતમાં સમગ્ર વિશ્વનું સૌથી વિશાળ સૌર દૂરબીન ઉભું કરવા માટે ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ એસ્ટ્રોફિઝિક્સ દ્વારા લડાખ ઉપરાંત બે અન્ય સ્થળોની પણ વિચારણા કરવામાં આવી હતી. લેહ ખાતે 'હેની' અને ઉત્તરાખંડમાં નૈનિતાલ નજીક 'દેવસ્થલ' અંગે પણ વિચારણા થઈ હતી, પરંતુ છેવટે લડાખની પસંદગી થઈ હતી. અહીંનું સ્વચ્છ વાદળાં રહીત આકાશ અને વાતાવરણમાં પાણીની વરાળનાં નહિંવત પ્રમાણને કારણે આ સ્થળ ઉપર પસંદગી ઉતારાઈ હતી. વિવિધ વૈજ્ઞાનિક અને પર્યાવરણીય પાસાંના સંભાળપૂર્વકના અભ્યાસો હાથ ધરાયા હતા તેમજ સનફોટોમીટર તથા એસ-ડીમ્મ અને શાબાર ટેકનિક દ્વારા પૃથ્થકરણ બાદ પસંદગીનો છેવટનો નિર્ણય લેવાયો હતો. હિમાલય પર્વતમાળા આ પ્રકારનાં દૂરબીનના સરળ અને ઉત્તમ ઉપયોગ માટે ચોક્કસ અનુકૂળ વાતાવરણ ધરાવે છે. તારા મંડળ વગેરેના ઘણા સુસ્પષ્ટ નિરીક્ષણ માટે અહીં કલાકોના કલાકોનો એવો સમય મળી રહે છે કે જ્યારે કોઈ વાતાવરણીય વિક્ષેપ ન પડે. અહીંના કુદરતી સરોવરને કારણે વાતાવરણમાં પાણીથી નિષ્પન્ન વરાળનું પ્રમાણ ખૂબ જ ઓછું રહે છે અને વરસાદના સમયગાળામાં પણ કોઈ મુશ્કેલી ઉભી નથી થતી. અહીંનું ખૂબ જ સ્વચ્છ આકાશ અને સમગ્ર વાતાવરણ ચુંબકીય ક્ષેત્રના બારીક નિરીક્ષણ તેમજ પવન વગેરેની ગતિના માપમાં સહાયક છે.

ભારતના સૌથી વિશાળ સૌર દૂરબીનનો આ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ વિવિધ વૈજ્ઞાનિક ક્ષેત્રની પાંચ વિભિન્ન રાષ્ટ્રીય સંસ્થાઓ દ્વારા સંયુક્ત રીતે હાથ ધરાયો છે. આ સંસ્થાઓમાં ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ એસ્ટ્રોફિઝિક્સ, ભારતીય અવકાશ સંશોધન સંસ્થા, આર્યભટ્ટ રીસર્ચ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઓબ્ઝર્વેશનલ સાયન્સીઝ, ટાટા ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફન્ડામેન્ટલ રીસર્ચ તથા ઈન્ટર યુનિવર્સિટી સેન્ટર ફોર એસ્ટ્રોનોમી એન્ડ એસ્ટ્રોફિઝિક્સનો સમાવેશ થાય છે. આ પ્રોજેક્ટમાં રૂા. ૨૫૦ કરોડ ઉપરાંતનું રોકાણ થશે, જેમાં મોટા ભાગની રકમ અત્યંત અદ્યતન ઉપકર્ણો પાછળ ખર્ચવામાં આવશે.

★★★


## ★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

# મુસ્લીમોની ઓળખ કેળવીએ

ફાધર વર્ગીસ પોલ

અમુક ખ્રિસ્તી લોકો સાથે ઘણા બધા ગુજરાતીઓ મુસ્લીમોને ધિક્કારે છે અને ઈસ્લામ ધર્મ અંગે ઘણા પુર્વગ્રહો સેવે છે !થોડા વર્ષ પહેલાં આપણા એક નેતાએ કહ્યું હતું કે તેઓ બધા મુસ્લીમોને આતંકવાદી કહેતા નથી. પરંતુ કોમી હુલ્લડો અને આતંકવાદી હુમલાઓમાં પકડાયેલા કેટલાક ઈસમો મુસ્લીમો છે !વાસ્તવિક પરિસ્થિતિ ખુબ ભિન્ન હોવા છતાં ગુજરાતના ઘણા લોકો પેલા આગેવાનની જેમ જ માન્યતા ધરાવે છે !એવો ખોટો મત ફેલાવવામાં પેલા આગેવાનને પોતાની રોટી શેકવાની હશે.પણ મારુ માનવું છે કે સામાન્ય લોકોની એવી માન્યતા પાછળ મુખ્યત્વે બે કારણો છે : એક, ઈતર ધર્મોના લોકોને મુસ્લીમો અને ઈસ્લામ ધર્મ અંગે ધોર અજ્ઞાન છે અને બે, મુસ્લિમ લોકો સાથે સીધો સબંધનો અભાવ છે અને પરિણામે મુસ્લિમો સામે ઘણી ગેરસમજ ધરાવે છે.

અંગ્રેજીમાં એક કહેવત છે કે, "**Action speaks louder than words**" મતલબ છે કે ,શબ્દો કરતાં કાર્ય વધારે મોટા અવાજે બોલે છે.આપણે આપણા ગુજરાતમાં બધા લોકો વચ્ચે શાંતિ અને સદ્‌ભાવના હોવાની વાત કરીએ અને એના પ્રતિકરૂપે વિવિધ કાર્યક્રમો કરીએ. વાસ્તવિક પરિસ્થિતિ ખુબ ભિન્ન છે.છતાં આવી વાતો અને પ્રવૃત્તિઓ સારી અને આવકારદાયક હોવી જોઈએ.પરંતુ કેવળ વાતો અને દેખાવથી સંતોષ ના પામનારા બૌધ્ધિકો આવા કાર્યક્રમો અને એની જાહેરાતની વાતોને વખોડી કાઢે છે.તેઓ એની આરપાસ જુએ છે અને એની પોકળતા જાણે છે.આવા સંદર્ભમાં આપણે સામાન્ય સંવેદનશીલ માણસો શું કરી શકીએ છીએ ? ખરી સદ્‌ભાવના અને સમભાવ કેવી રીતે સર્જી શકીએ ?

મારી દૃષ્ટિએ આપણે ત્રણ ચોક્કસ પગલાં લઈ શકીએ. એક, આપણે નિખાલસતાથી સ્વીકારીએ કે મુસ્લિમ લોકો અંગે આપણામાં ધોર અજ્ઞાન છે અને એમની સામે ઘણાં પુર્વગ્રહો અને ગેરસમજ આપણી વચ્ચે પ્રવર્તે છે.બે,આ પ્રથમ પરિસ્થિતિને સુધારવા માટે એમના વિશે જાણવા અને એમની સામેના પુર્વગ્રહો અને ગેરસમજ દુર કરવા જોઈએ. અને ત્રણ ,મુસ્લિમો સાથે સદ્‌ભાવના કેળવવા માટે કેવળ પ્રતિકોથી સંતોષ માનવાને બદલે ચોક્કસ પગલાં ભરવા જોઈએ.

સંત ફ્રાંસિસ આસિસીએ એક વાર કહ્યું હતું કે " જ્યારે તેમે મોંથી શાંતિની ધોષણા કરો છો ત્યારે એનાથી વધારે સાવચેતી રાખશો કે તમારા હૃદયમાં એ શાંતિ વસે છે. "તો આપણી નરી વાસ્તવિકતા એ છે કે મુસ્લિમો સામેના અજ્ઞાન અને પુર્વગ્રહોને કારણે આપણે એમને જોજન દુર રાખીએ છીએ. દાખલા તરીકે હાઉસીંગ સોસાયટીઓમાં મુસ્લિમોને બાકાત રાખવામાં આવે છે.

સદ્‌ભાવના કેળવવા માટે યોજેલ જાહેર ઉપવાસના કાર્યક્રમમાં આપણા મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ મુસ્લીમ ટોપી પહેરવાની ચોખ્ખી ના પાડી દીધી ! એ રીતે એમણે પ્રતીકરૂપે પણ મુસ્લિમો જોડે સામાજીક અને ધાર્મિક એખાલસ કેળવવાની તક ખોઈ બેઠા !

બીજુ, મે સાંભળ્યુ છે કે મુખ્યમંત્રીશ્રીના અંગત સુરક્ષાદળમાંથી મુસ્લીમોને દુર રાખ્યા છે અને એમના અંગરક્ષકોમાં એક પણ મુસ્લિમ નથી !મને લાગે છે કે ગુજરાતમાં મુસ્લીમોને બને ત્યાં સુધી સરકારી નોકરીઓમાંથી દુર રાખવામાં આવે છે.આ વાસ્તવિકતા બધા લોકો પ્રત્યે સદ્‌ભાવના રાખતા માણસોને પણ ખટકે છે.કારણ, ગુજરાતમાં ૧૧ ટકાથી વધારે મુસ્લીમોની વસ્તી છે. આખા ભારતની વાત કરીએ તો મુસ્લિમ રાષ્ટ્રો ગણાતા ઈન્ડોનેશીયા અને પાકિસ્તાન પછી કુલ મુસ્લિમ વસ્તીના પ્રમાણમાં ભારત ત્રીજા ક્રમે છે !બધા ધર્મોની જેમ ઝનુની અને ધર્માંધ માણસો ઈસ્લામ ધર્મમાં પણ છે.પરંતુ અન્ય દેશોની સરખામણીમાં ભારતના મુસ્લિમોમાં સંકુચિત મનોવૃત્તિવાળા મુસ્લિમો ખુબ ઓછા છે.એટલે મુસ્લિમોને ધર્માંધ અને ઝનુની લોકો ગણવામાં ઈતર ધર્મોના લોકો મોટી ભુલ કરે છે.એટલે આજે ભારતના મુસ્લિમોને જેમ છે તેમ ઓળખવા અને સ્વીકારવાની તાતી જરૂર છે.

તાજેતરમાં મેં અમેરીકાના ચિનચિનાત્તીથી નિકળતું માસિક 'સેન્ટ એન્થોની મેસેન્જર'ના સપ્ટેમ્બર ૨૦૧૧ અંકમાં 'ઈસ્લામ વિશે જાણવાની ૧૦ બાબતો' નામે એક લેખ વાંચ્યો.ઈસ્લામ ધર્મની એ મુળભુત બાબતો અહીં હું મારા શબ્દોમાં રજુ કરુ છું. એક, અલ્લાહ. ઈશ્વર કે ભગવાન માટે મુસ્લિમો 'અલ્લાહ' શબ્દ વાપરે છે.ઈસ્લામી પરંપરામાં 'અલ્લાહ'ના ૯૯ નામો છે.પણ 'અલ્લાહ' શબ્દ સર્વગ્રાહી છે.મુસ્લિમોની માન્યતા મુજબ 'અલ્લાહ' ની કોઈ આકૃત્તિ કે રૂપ નથી.એના સમગ્ર સર્જનમાં 'અલ્લાહ' માટે કોઈ સરખામણી નથી.એટલે 'અલ્લાહ'ની મુર્તિ કે ચિત્ર આપણને ક્યાંય જોવા ના મળે. કુરાન કહે છે કે 'અલ્લાહ 'જેવા કોઈ નથી.અલ્લાહ સર્વવ્યાપી છે,સર્વશક્તિમાન છે.

બે, કુરાન.મુસ્લિમોનો ધર્મગ્રંથ કેટલે કુરાન. મુસ્લિમો માને છે કે અલ્લાહ પોતે દેવદુત ગ્રાબિયેલ દ્વારા પયંગબર મુહંમદને ૨૩ વર્ષોના ગાળામાં જણાવેલો દૈવી સંદેશનો ગ્રંથ છે કુરાન. પયગંબર મુહંમદે અલ્લાહ પાસેથી જાણેલો સંદેશ એક લહિયા પાસે લખાડાવ્યો છે.એટલે અલ્લાહ અને એમના દૈવી સંદેશ વચ્ચે પયગંબર કેવળ એક માધ્યમ રહ્યા છે.એટલે મુસ્લિમો મુહંમદને અલ્લાહનો છેલ્લો પયગંબર માને છે.

ત્રણ,મુસ્લીમો માટેના પાંચ સ્તંભો. ૧.અલ્લાહ એક જ છે/એક જ અલ્લાહ છે અને મુહંમદ અલ્લાહના પયગંબર છે. ૨. સલાત-મુસ્લિમ નમાજ. મુસ્લિમો દિવસમાં પાચ વાર નમાજ પઢે છે. ૩.સૌમ -રોજા -ઉપવાસ ૪.જકાત-આવક પરનો કર અને ૫.હજ- સાઉદી અરેબિયામાં આવેલ પવિત્ર નગર મક્કાની યાત્રા.

ચાર. ઈસ્લામમાં ઈસુ અને મરિયમ. મુસ્લિમો ઈસુ અને ઈસુની માતા મરિયમ પ્રત્યે ખુબ આદરમાન ધરાવે છે. કુરાનમાં ઈસુ અને મરિયમ માટે ૨૭૫ ઉલ્લેખ છે.કુરાનમાં કુલ ૧૧૪ અધ્યાયોમાં મરિયમ માટે એક આખો અધ્યાય છે અને કોઈપણ સ્ત્રી કરતાં કુરાનમાં મરિયમ માટે સૌથી વધારે ઉલ્લેખ જોવા મળે છે. મુસ્લિમો માને છે કે ઈસુ ઈસ્રાએલ લોકોને માટે અલ્લાહે મોકલેલા પયગંબર છે. કુરાન અનુસાર ઈસુ ચમત્કારો કરતાં માનવીય પયગંબર છે.પણ ઈશ્વર નથી.

પાંચ.મસ્જીદ. મુસ્લિમોની પ્રાર્થનાનું ઘર, મસ્જીદ જોડે મિનાર હોય છે. મસ્જીદની અંદર ખુરશીઓ કે બેન્ચ નથી. પણ પ્રાર્થના માટે ફક્ત શેતરંજી હોય છે.વળી ધાર્મિક આગેવાન ઈમામને ધર્મબોધ આપવા માટે મસ્જીદમાં વ્યાસપીઠ હોય છે. મસ્જીદમાં અલ્લાહની કોઈ મુર્તિ કે માણસોનું ચિત્ર નથી,પણ મુલાકાતીઓ દાન આપી શકે તેવું જકાત છે.

છ,જિહાદ. ઈતર ધર્મોના લોકોમાં જિહાદ વિશે ઘણી ગેરસમજ પ્રવર્તે છે. જુલમ અને ત્રાસ સામે મુસ્લિમો જિહાદે ચિંધેલા ચોક્કસ માર્ગદર્શન મુજબ શસત્ર હુમલો કરી શકે છે. પરંતુ લોકો ઉપર વધુ જુલમ કરવા કે તેમને ત્રાસ આપવા પર મનાઈ છે. પણ જીહાદની મુખ્ય વાત ખુદ જાતનું વિશુધ્ધિકરણ અને આત્મ-સુધારો છે.ફકત ઈતર ધર્મોના લોકો જ જિહાદને મુસ્લિમોનું' પવિત્ર યુધ્ધ' માને છે.

સાત,બુરખો. દુનિયાના અમુક પ્રાંન્તોમાં વિશેષ તો ઈસ્લામિક દેશોમાં મુસ્લિ સ્ત્રીઓ બુરખો પહેરે છે.બુરખાની સંસ્કૃતિ મુજબ સ્ત્રીના માથાથી પગ સુધી ઢાંકવાનું હોય છે.એમાં ફક્ત જોવા માટે આંખો આગળ કપડાની જાળી હોય છે. મુસ્લિમો બુરખાને સ્ત્રીઓની વિનમ્રતા અને ધાર્મિકતાનું પ્રતિક માને છે.

આઠ,મક્કા. અરેબીયામાં આવેલું મક્કા મુસ્લિમોનું સૌથી પવિત્ર નગર છે. શારિરીક રીતે શસક્ત અને આર્થિક રીતે સધ્ધર હોય એવા મુસ્લિમો માટે જીંદગીમાં એક વાર મક્કાની યાત્રી ફરજીયાત છે.મક્કાના કેન્દ્રમાં કાબા એટલે' અલ્લાહનું ઘર' હોય છે જેને કાળા કપડાથી સજાવેલ છે.

નવ, મુખ્ય મુસ્લીમ પંથો. ઈસ્લામમાં મુખ્યત્વે બે પંથો હોય છે : શિયા અને સુન્ની. પણ સૌથી વધારે મુસ્લિમો સુન્નીઓ છે.પયગંબર મુહંમદના મૃત્યુ બાદ મુસ્લિમો વચ્ચે બે પંથો થઈ ગયા અને સમયના વહેણમાં બંને પંથો વચ્ચેનો તફાવત વધતા રહ્યા. સુન્નીઓ માને છે કે પયગંબર મુહંમદના અનુયાયીને ચુંટવા જોઈએ. જ્યારે શિયા મુસ્લિમો માનતા હતા કે પયગંબર મુહંમદના સગા અલ ઈબન અભ તલીબ પયગંબરના અનુગામી બનવા જોઈએ. એટલે સુન્નીઓના ચુંટાયેલા ઈમામોને શિયા મુસ્લિમો સ્વીકારતા નથી.પણ તેઓ પ્રાર્થનામાં ધર્મોપદેશ આપતા ઈમામોને અલ્લાહના પસંદ કરેલા ધાર્મિક નેતા માને છે.

દસ,શરિયત કાયદો. ઈસ્લામિક કાયદાકાનૂનનો સંગ્રહ એટલે શરિયત.એમાં પાંચ ભાગો છે. એક, ઈબદા,એટલે ઉપાસના, ૨ મુઅમાલાત એટલે જાહેર કામકાજ અને વેપારી કરાર, ત્રણ, અદાબ એટલે નીતિન્યાય અને સદાચાર, ચાર,ઈતિકવાદાત એટલે શ્રધ્ધા અને પાંચ ઉકુવાત એટલે શિક્ષા. કુરાન અને શરિયત કાયદો બે ભિન્ન બાબતો છે. શરિયત કાયદો કુરાનનુ એક તત્વ છે. શરિયત કાયદામાં કુરાનને આધારે બીજા સ્રોત્રોમાંથી લીધેલું માર્ગદર્શન છે. શરિયત કાયદામાં મુસ્લિમના સમગ્ર જીવનને સ્પર્શતું માર્ગદર્શન જોવા મળે છે.

મુસ્લિમ લોકો અંગેની આટલી મુળભુત માહિતી ઈતર ધર્મોના લોકોને ઈસ્લામ એટલે આપણને અને મુસ્લિમો અંગેની ગેરસમજ તથા પુર્વગ્રહો દુર કરવામાં મદદરુપ થઈ શકે છે. એટલું જ નહી મુસ્લિમ લોકો સાથેના આપણા સંપર્કમાં સારો સબંધ બાંધવા અને એ સબંધ વિકસાવવામાં પણ એમના વિશેની આ મુળભુત માહિતી આપણને માટે ઉપયોગી નીવડી શકે છે.


## લગ્ન વિષયક

ખ્રિસ્તી શાસાનુસાર અધિકૃત લગ્નવિધિ કરાવનાર

**ગીડીયોન પોલ પરમાર**

(ગર્વ.મેરેજ રજીસ્ટાર)

નં. ૯, કનાન સોસાયટી, મેથોડિસ્ટ ચર્ચ સામે, આણંદ

૦૨૬૯૨-૨૫૦૯૬૯

મો.૯૯૨૪૨૦૫૫૦૫, ૯૭૨૩૩૩૨૩૯૬


# પાકિસ્તાનમાં ૧૧ વર્ષની બાલિકાની ધર્મનિદાના કાયદા હેઠળ ધરપકડ

પાકિસ્તાનના પ્રમુખ આસીફ અલી ઝરદારીએ ૧૧ વર્ષની એક બાલિકા જેના પર ધર્મનિદાનો આરોપ લગાવીને તેણીની ધરપકડ કરવામાં આવી છે તેનો રીપોર્ટ મંગાવ્યો હતો. તેમજ સત્તાવાળાઓને સુચના આપી હતી કે જણાવ્યું હતું કે તમામ લઘુમતીઓના નાગરિકોનું રક્ષણ કરવામાં આવે તેમની માલમિલકતને કોઈપણ જાતનું નુકશાન ન પહોચે તેમજ કોઈપણ વ્યક્તિ પોતાના હાથમાં કાયદો ન લે તે જોવા માટે કહ્યું હતું.

પ્રમુખના પ્રવક્તા ફરાહતુલ્લાહ બાબરે જણાવ્યું હતું કે પ્રમુખે હુકમો કર્યા હતા કે સમાજના તમામ લઘુમતીઓનું રક્ષણ કરવું તે તેમની ફરજ સમાન છે તેમજ ધર્મનિદાના કાયદાનો દુરપયોગ થતો હોય તો તેને રોકવાની પણ તેમની ફરજ છે. પીટીઆઈના રીપોર્ટમાં જણાવ્યા પ્રમાણે પ્રેસીડેન્ટ જણાવ્યું છે કે કોઈપણ વ્યક્તિ દ્વારા ધર્મનિંદાના કાયદાનો ઉપયોગ થઈ શકે નહી.તેમજ કોઈપણ તેનો દુરપયોગ પણ કરી શકે નહી.તેમજ પોતાના અંગત સ્વાર્થ માટે ધર્મનિંદાના કાયદાનો આશરો લઈ શકાય નહી.રીમશા મસિહ નામની એક છોકરીની ઈસ્લામાબાદ ખાતે કુરાનના કેટલાક પેઈજ બાળવાના આરોપસર ધરપકડ કરીને જેલમાં મોકલી અપાઈ હતી.સઈદ મોહંમદ ઉમ્મદ નામના એક વ્યક્તિની તેણી સામે કરેલી ફરિયાદ બાદ ધરપકડ કરવામાં આવી હતી. મળેલ સમાચારો મુજબ તેણી કચરામાંથી ભેગા કરેલા કાગળો,રસોઈ બનાવવા માટેના ચુલામાં સળગાવી રહી હતી ત્યારેતેના ધરમાં કેટલાક લોકો આવ્યા હતા અને તેણી અને તેના કુટુબને કુરાનના પેઈજ સળગાવી દેવાનો આરોપ મુક્યો હતો.ઉશ્કેરાયેલા લોકોએ તેણી તથા તેણીની માતા અને તેણીની બહેનને માર માર્યો હતો અને આજુબાજુના કેટલાક ખ્રિસ્તીઓના ધરો સળગાવી દીધા હતા.આ વિસ્તારના ખ્રિસ્તીઓએ તેમના ધરો સળગાવી દેવાયા હોવાની ફરિયાદ દાખલ કરી હતી.પોલીસે રીમશા,તેણીની માતા અને બહેનની ધરપકડ કરી હતી અને જેલમાં ધકેલી દીધા હતા.રાઈટ એક્ટીવીસ્ટોએ સરકારને આ ધર્મનિંદાના કાયદામાં ફરીથી વિચાર કરવા અપીલ કરી છે.


## શાલેમ મેરેજ બ્યુરો

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-

**શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૫૭૪૩૭૦૪૩૨


તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.